RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 181
Dt.: 14-03-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa



### LPGની અછત મામલે વડાપ્રધાનની દેશવાસીઓને સ્પષ્ટતા

# હાલની કટોકટીથી કોઈ દેશ બચ્યો નથી, ગભરાશો નહીં: પીએમ મોદી

## ૨૦૧૪ સુધીમાં દેશમાં એલપીજી જોડાણોની સંખ્યા માત્ર ૧૪ કરોડ જેટલી હતી, જ્યારે આજે તે બમણાંથી વધીને ૩૩ કરોડે પહોંચી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ભારત સહિત સમગ્ર વિશ્વના દેશો એલપીજી સહિતના ઈંધણની સમસ્યાનો વધતો ઓછો સામનો કરી રહ્યાં છે. ભારતમાં હાલ આ મુદ્દે ચિંતા કરવાનું કોઈ કારણ નહીં હોવાની સરકાર દ્વારા વારંવાર કરાયેલી સ્પષ્ટતા છતાં કેટલાંક તત્વો લોકોમાં ગભરાટ ફેલાવવાનું કામ કરી રહ્યાં છે. આ બાબતની ગંભીર નોંધ લેતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવા તત્વોની નિંદા કરતાં જણાવ્યું હતું કે, હાલ એલપીજી વિશે બહુ ચર્ચા થઈ રહી છે. કેટલાંક લોકો નાગરિકોમાં ખોટો ડર ઉભો કરીને લોકો સમક્ષ પોતાની માનસિકતા છતી કરી રહ્યાં છે અને દેશના હિતોને પણ નુકસાન પહોંચાડી રહ્યાં છે.

વડાપ્રધાને આવા તત્વો વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.એક સંમેલનને સંબોધતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, ખાડીના દેશોમાં ચાલી રહેલાં યુદ્ધને કારણે દરેક દેશોને વધતી ઓછી અસર થઈ રહી છે. આમાંથી કોઈ દેશ બચ્યો નથી. ભારત સરકાર દેશની ઉર્જા સુરક્ષા જાળવી રાખવા માટે શક્ય તમામ પગલાં ભરી રહી છે. હાલના સંજોગોમાં આપણે રાષ્ટ્રહિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સહિયારા પ્રયાસો થકી આપણી ફરજ બજાવવાની છે. કેટલાંક લોકો વર્તમાન પરિસ્થિતિનો લાભ લઈ, ચોક્કસ ઉત્પાદનોનું કાળા બજાર કરી રહ્યાં હોવાનું જણાવતાં તેમણે આવા લોકો વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની ચેતવણી ઉચ્ચારી હતી.

કેટલાંક લોકો એલપીજીના પુરવઠા અંગે લોકોમાં નાહકનો ડર પેદા કરી રહ્યાં છે. આવા લોકો તેમની માનસિકતા લોકો સમક્ષ છતી કરવાની સાથે સાથે જ દેશને પણ નુકસાન પહોંચાડી રહ્યાં છે.વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે ભારતે ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે અનેક મહત્વની કામગીરી કરી છે. આપણે હવે ઉર્જા માટે માત્ર વિદેશી સંસાધનો પર નિર્ભર નથી રહ્યાં. ૨૦૧૪ સુધીમાં દેશમાં એલપીજી જોડાણોની સંખ્યા માત્ર ૧૪ કરોડ જેટલી હતી, જ્યારે આજે તે બમણાંથી વધીને ૩૩ કરોડે પહોંચી છે. ૨૦૧૪માં દેશમાં માત્ર ૪ એલએનજી ટર્મિનલ હતાં, હાલ તેની સંખ્યા બમણી થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક કટોકટીના વર્તમાન સંજોગોમાં રાજકીય પક્ષ, મીડિયા, યુવાનો, ગામડાં કે શહેરો તમામ લોકોએ મહત્વની અને જવાબદાર ભૂમિકા ભજવવાની છે. અનેક વૈશ્વિક સંકટો છતાં વિશ્વના નેતાઓ ભારતના યુવાનો તરફ આશા ભરી નજરે જોઈ રહ્યાં છે ત્યારે ભારતની જવાબદારી પણ વધી જાય છે. આજે સમગ્ર વિશ્વ એ વાત જાણે છે કે, જો તમારે ભવિષ્યનો હિસ્સો બનવું હોય તો ભારત સાથે જોડાવું પડશે.

# હવે મોબાઈલ ડેટા પર ટેક્સ વસૂલશે સરકાર

## મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરવો મોંઘો થઈ શકે: એક GB ડેટા પર ૧ રૂપિયો ટેક્સ લાગી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં આવનાર સમયમાં મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરવો મોંઘો થઈ શકે. સરકાર મોબાઈલ ડેટાના ઉપયોગ પર નવો ટેક્સ લગાવવાની ફિરાકમાં છે. એક રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ ટેલિકોમ સેક્ટરની એક રિવ્યૂ બેઠકમાં આ મુદ્દો સામે આવ્યો છે. આ બેઠક પછી ટેલિકોમ્યુનિકેશન વિભાગને કહેવામાં આવ્યું છે કે, એ દિશામાં તપાસ કરો કે મોબાઈલ ડેટાના ઉપયોગ પર ટેક્સ લગાવી શકાય કે નહીં. જો લગાવી શકાય તો તેનું મોડલ શું હોઈ શકે?



ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ્યુનિકેશનના સૂત્રોના જણાવ્યાનુસાર, સરકાર જે વિકલ્પને જોઈ રહી છે તેમાં એક GB ડેટા પર ૧ રૂપિયો ટેક્સ લાદવામાં આવી શકે છે. જો આવું થશે તો દરેક વખતે કોઈ યુઝર્સ મોબાઈલ ડેટાનો ઉપયોગ કરશે તો તેના પર વધારાનો ચાર્જ લાગી શકે છે. આ નિર્ણયથી સરકારની તિજોરીમાં તગડી આવક થવાની સંભાવના છે, દાવા પ્રમાણે ૧ રૂપિયા પ્રતિ GBની ટેક્સ પદ્ધતિ લાગુ થાય તો સરકારને દર વર્ષે ૨૨,૯૦૦ રૂપિયાથી વધુનું કમાણી થઈ શકે છે. જો કે હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે તેના પર કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. હાલ આ સમગ્ર મોડલ વિચારધીન છે. મહત્ત્વનું છે કે ભારત દુનિયાના એ દેશોમાં સામેલ છે કે જ્યાં મોબાઈલ ડેટા ઘણો સસ્તો આપવામાં આવે છે. સસ્તા ઈન્ટરનેટને કારણે ભારતમાં ડેટાનો વપરાશ અતિશય થઈ રહ્યો છે. વીડિયો સ્ટ્રીમિંગ, સોશ્યલ મીડિયા, ઓનલાઈન ગેમિંગ અને રિલ્સ જોવાને કારણે મોબાઈલ ડેટાનો ઉપયોગ સતત વધી રહ્યો છે. એક મહત્ત્વની વાત છે કે હાલમાં મોબાઈલ રિચાર્જ અને પોસ્ટ પેડ બિલ પર ૧૮ ટકા GST લગાવવામાં આવે છે, એટલે કે યુઝર્સ પહેલાથી ટેલિકોમ સર્વિસ પર ટેક્સ આપી રહ્યા છે. જો ભવિષ્યમાં ડેટા પર અલગથી ટેક્સ લગાવવામાં આવશે તો હાલમાં લેવામાં આવતા ચાર્જ સિવાય નવો ચાર્જ હશે. પરંતુ હાલમાં સરકારે ફ્રને કહ્યું છે કે આ પ્રસ્તાવ પર સંપૂર્ણ રીતે સ્ટડી કરવામાં આવે, તેના ફાયદા અને નુકસાનને સમજવામાં આવે, રિપોર્ટ બાદ જ સરકાર નક્કી કરશે કે ભારતમાં મોબાઈલ ડેટાના ઉપયોગ પર નવો ટેક્સ લાગશે કે નહીં? સરકાર તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી, પરંતુ કેટલાક દિવસથી રેડિટથી લઈને અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સૂત્રોના હવાલેથી આ સમાચાર ચાલી રહ્યા છે.

### ગેસની અછત વચ્ચે ગેસ એજન્સીઓના નામે છેતરપિંડી

# સાવધાન! અત્યારે પેમેન્ટ કરી દો, કાલે સિલિન્ડર મળી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયાના કેટલાક ભાગોમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે સામાન્ય માણસના રસોડા સુધી પહોંચી છે. ભારતમાં ગેસ સિલિન્ડરની અછતનો ફાયદો ઉઠાવીને સાયબર ઠગ હવે સક્રિય થયા છે. સોશિયલ મીડિયા, WhatsApp અને SMS દ્વારા એક નવો સ્કેમ તેજીથી ફેલાઈ રહ્યો છે, જેમાં LPG સિલિન્ડર યુઝર્સને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ઠગબાજો લોકોને એવા મેસેજ મોકલે છે કે જો તમે અત્યારે ઓનલાઈન પેમેન્ટ કરશો, તો બીજા જ દિવસે ગેસ સિલિન્ડર તમારા ઘરે પહોંચી જશે. લોકો ગેસની અછતથી ચિંતિત હોવાથી આ લાલચમાં આવીને છેતરાઈ રહ્યા છે. આ સાયબર ફ્રોડ મુખ્યત્વે ત્રણ સ્ટેપ્સમાં કામ કરે છે. સૌથી પહેલા Faceboko, Instagram કે Google પર નકલી એડ બતાવવામાં આવે છે, જેમાં ત્વરિત ગેસ ડિલિવરીનો વાયદો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ આ એડ કે લિંક પર ક્લિક કરે છે, ત્યારે તે એક એવી વેબસાઈટ પર પહોંચી જાય છે જે અસલી ગેસ કંપની જેવી જ દેખાતી હોય છે. અહીં યુઝર્સ પાસેથી બેંક ડિટેલ્સ, UPI આઈડી કે ઓનલાઈન પેમેન્ટ માંગવામાં આવે છે. જેવા તમે પૈસા ચૂકવો કે તમારી વિગતો આપો, તરત જ ઠગબાજો તમારા ખાતામાંથી રકમ ઉપાડીને ગાયબ થઈ જાય છે.

ઘણીવાર તો એવા પણ મેસેજ આવે છે કે જો અત્યારે બુકિંગ નહીં કરો તો સિલિન્ડર બીજાને આપી દેવાશે, જેના ડરથી લોકો ઉતાવળમાં ભૂલ કરી બેસે છે.

સાયબર એક્સપર્ટ્સ અને પોલીસ દ્વારા આ બાબતે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. યાદ રાખો કે Indane, BharatGas કે HP Gas જેવી અધિકૃત કંપનીઓ ક્યારેય પણ અજાણી લિંક દ્વારા પેમેન્ટની માંગણી કરતી નથી. ગેસ સિલિન્ડર બુક કરાવવા માટે હંમેશા કંપનીની અધિકૃત વેબસાઈટ અથવા ઓફિશિયલ એપનો જ ઉપયોગ કરવો જોઈએ. કોઈ પણ અજાણ્યા વ્યક્તિ સાથે OTP, UPI પિન કે બેંકની વિગતો શેર ન કરવી. જો તમારી સાથે આવો કોઈ ફ્રોડ થાય, તો જરાય મોડું કર્યા વગર ૧૯૩૦ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર કોલ કરવો અથવા cybercrime. gov.in પર ફરિયાદ નોંધાવવી જોઈએ.

### LPG સંકટ વચ્ચે કેન્દ્ર સરકારની પ્રેસ કોન્ફરન્સ

# ઓઈલ-ગેસનો પૂરતો સ્ટોક, કાળાબજારીઓ પર થશે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડિલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઉર્જા સંકટની આશંકાઓ વચ્ચે ભારતમાં ગેસ સિલિન્ડરની અછત અંગે અનેક અફવાઓ ઉડી રહી છે.

આ સ્થિતિ સ્પષ્ટ કરવા માટે પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પ્રેસ કોન્ફરન્સ યોજી દેશવાસીઓને ગભરાટમાં આવીને પૅનિક બુકિંગ ન કરવા માટે અપીલ કરી છે. સુજાતા શર્માએ જણાવ્યું કે, "દેશમાં સરેરાશ દરરોજ ૫૦ થી ૫૫ લાખ સિલિન્ડરનું બુકિંગ થતું હોય છે, પરંતુ અફવાઓને કારણે છેલ્લા કેટલાક દિવસોમાં આ આંકડો વધીને ૭૫-૭૬ લાખ સુધી પહોંચી ગયો છે."

તેમણે સ્પષ્ટ કર્યું કે, પુરવઠો પૂરતો છે, માત્ર લોકો જરૂર કરતા વધારે બુકિંગ કરી રહ્યા હોવાથી સિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓના કોલ સેન્ટરમાં સીટો વધારીને ૪૦૦ કરવામાં આવી છે અને ટેલિફોન લાઈનોની સંખ્યા ૫૦ કરાઈ છે, જેથી લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે.પેટ્રોલિયમ મંત્રાલય અને કન્ઝ્યુમર અફેર્સ વિભાગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બેઠક યોજી છે.

સંગ્રહખોરી અને બ્લેક માર્કેટિંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા પ્રશાસન, DM અને SPને સૂચના અપાઈ છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિતના અનેક રાજ્યોમાં ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. દેશભરમાં ગેરકાયદે સ્ટોરેજ અને ચોરી સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. ઝાંસીમાં સિલિન્ડર ભરેલો ચોરાયેલો ટ્રક પોલીસે શોધી કાઢ્યો છે, જ્યારે હાપુડમાં ગેરકાયદે સિલિન્ડર ઝડપાતા ગોદામ સીલ કરાયું છે. ફૂડ એન્ડ સિવિલ સપ્લાય વિભાગે અનેક સ્થળોએ દરોડા પાડી ગેરકાયદે સ્ટોર કરેલા સિલિન્ડરો જપ્ત કર્યા છે. "અફવાઓ પર વિશ્વાસ ન કરો.

### LPG ગેસ સિલિન્ડર અંગેની ચિંતાઓ થશે દૂર

# ભારત સરકારે અમેરિકા, નોર્વે, કેનેડા, રશિયા જેવા નવા દેશોમાંથી LPG આયાત વધારી

## સરકારના આ પગલાંને કારણે દેશમાં LPG સિલિન્ડર અંગે ઉભી થયેલી અછતની ચિંતા ટૂંક સમયમાં દૂર થવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિને કારણે ખાડી પ્રદેશમાં અસ્થિરતા સર્જાઈ છે. તેના કારણે કાચા તેલ અને કુદરતી ગેસના પરિવહન પર અસર પડી છે, જેના પરિણામે ભારતમાં LPG ગેસના પુરવઠા અંગે ચિંતા ઉભી થઈ હતી. જોકે હવે સરકારે આ સમસ્યાને ઉકેલવા માટે મહત્વપૂર્ણ પગલાં લીધા હોવાનું જણાવ્યું છે.

અહેવાલો મુજબ, કેન્દ્ર સરકારે હવે અમેરિકા, નોર્વે, કેનેડા અને રશિયા જેવા નવા દેશોમાંથી વધારાના LPG શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે. સાથે જ જ્યાં પુરવઠો ઉપલબ્ધ છે તેવા ખાડી દેશોમાંથી પણ LPGની ખરીદી ચાલુ રાખવામાં આવી રહી છે. સરકારના આ પગલાંને કારણે દેશમાં LPG સિલિન્ડર અંગે ઉભી થયેલી અછતની ચિંતા ટૂંક સમયમાં દૂર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દેશના ઘણા વિસ્તારોમાં LPG સિલિન્ડરની અછત અંગે ચર્ચા વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા LPG આયાતકાર તરીકે ભારત હાલમાં મર્યાદિત પુરવઠાના પડકારનો સામનો કરી રહ્યું છે. તેમ છતાં, સરકાર દ્વારા પુરવઠો જાળવી રાખવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી આયાત વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સલાહ આપી છે કે હોટલ અને રેસ્ટોરન્ટ ક્ષેત્રમાં LPGનો ઉપયોગ ઓછો કરવા માટે બાયોમાસ, કેરોસીન અને કોલસા જેવા વૈકલ્પિક ઈંધણના ઉપયોગને મંજૂરી આપવામાં આવે. આ પગલાંનો મુખ્ય હેતુ ઘરેલુ ગ્રાહકોને ગેસનો પૂરતો પુરવઠો મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.હરદીપ સિંહ પુરીએ સંસદમાં જણાવ્યું હતું કે ભારત અગાઉ તેની LPG જરૂરિયાતોના લગભગ ૬૦ ટકા પુરવઠા માટે ગલ્ફ દેશો પર નિર્ભર હતું. પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે આયાતના સ્ત્રોતોનો વિસ્તાર કર્યો છે. સાથે જ કટોકટીની જોગવાઈઓનો ઉપયોગ કરીને રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા અને ઉદ્યોગોને વેચાણ મર્યાદિત કરવાની સૂચના આપવામાં આવી છે. સરકારના આ પગલાંથી દેશના લગભગ ૩૩૩ મિલિયન ઘરેલુ ગ્રાહકોને ગેસની અછતનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ મંત્રીના જણાવ્યા અનુસાર ઘરેલુ LPG પુરવઠો હાલ પહેલાની જેમ ચાલુ છે, જોકે અછતની અફવાઓને કારણે ઘણા ગ્રાહકોમાં ચિંતા જોવા મળી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર થતા હુમલાઓને કારણે હોર્મુઝ સ્ટ્રેટ અને ગલ્ફ ક્ષેત્રમાં શિપિંગ પર અસર પડી છે. તેના કારણે ક્રૂડ ઓઈલ, LPG અને LNG જેવા ઊર્જા સ્ત્રોતોના વૈશ્વિક પુરવઠા પર પણ અસર જોવા મળી રહી છે. તેમ છતાં, ભારત સરકારે વૈકલ્પિક સ્ત્રોતો શોધીને પુરવઠાની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

# યુદ્ધ વચ્ચે અમેરિકાને મોટો ઝટકો: હવામાં ઈંધણ ભરતું KC-135 પ્લેન ક્રેશ, પાંચ ક્રૂ મેમ્બર્સ લાપતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા ભીષણ જંગની વચ્ચે અમેરિકાની સેના માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ઈરાક પર ઉડાન ભરી રહેલું અમેરિકાનું એક વિશાળ મિલિટરી રિફ્યુલિંગ પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થયું છે, જેમાં 5 ક્રૂ મેમ્બર્સ સવાર હતા.ઓપરેશન 'એપિક ફ્યુરી' દરમિયાન અકસ્માતઅમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા સૈન્ય અભિયાન 'ઓપરેશન એપિક ફ્યુરી' દરમિયાન અમેરિકાનું KC-135 રિફ્યુલિંગ વિમાન ઈરાકમાં ક્રેશ થયું છે. આ વિમાન હવામાં જ અન્ય લડાયક વિમાનોમાં ઈંધણ ભરવા માટે ઉપયોગમાં લેવાતું હતું. દુર્ઘટના સમયે વિમાનમાં 5 ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમને શોધવા માટે હાલમાં મોટા પાયે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.અમેરિકન સેનાએ સ્પષ્ટતા કરી છે કે આ અકસ્માત દુશ્મન દેશના કોઈ હુમલા કે 'ફ્રેન્ડલી ફાયર'ને કારણે થયો નથી.

સેનાના નિવેદન મુજબ, તે સમયે બે વિમાનો ઉડાન ભરી રહ્યા હતા, જેમાંથી એકનું સુરક્ષિત લેન્ડિંગ થયું છે જ્યારે બીજું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે. હાલમાં આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.28 ફેબ્રુઆરીથી ઈરાન વિરુદ્ધ શરૂ થયેલા આ સૈન્ય ઓપરેશનમાં અમેરિકન સેનાને સતત ફટકો પડી રહ્યો છે. આ સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 7 અમેરિકન સૈનિકોના મોત થયા છે, જ્યારે આશરે 150 જેટલા જવાનો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઈરાક અને સીરિયામાં અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર થઈ રહેલા હુમલાઓએ ટ્રમ્પ પ્રશાસનની ચિંતામાં વધારો કર્યો છે.



# તંત્રી લેખ......

## ટ્રમ્પ એક સમસ્યા બની ગયા છે

ઈરાને જે રીતે ચેતવણી આપી છે કે વિશ્વએ પ્રતિ બેરલ ૨૦૦ ના ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવા માટે તૈયાર રહેવું જોઈએ તે સ્પષ્ટ કરે છે કે તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ ટેક્રરોને પસાર થવા દેશે નહીં, જે તેના પ્રભાવના ક્ષેત્રમાં છે. તેણે હોર્મુઝ સ્ટ્રેટમાં કેટલાક તેલ ટેક્રરો પર હુમલો કરીને પણ આ સંકેત આપ્યો હતો. આમ કરીને, તે ગલ્ફ દેશોમાંથી તેલ અને ગેસ પુરવઠામાં વિક્ષેપ પાડવાનો પોતાનો ઈરાદો દર્શાવી રહ્યું છે. ઓઈલ ટેક્રરો પર હુમલો કરવા ઉપરાંત, તે ગલ્ફ દેશોમાં તેલ અને ગેસ સ્થાપનોને પણ નિશાન બનાવી રહ્યું છે. પરિણામે, કેટલાક સ્થળોએ તેલ અને ગેસનું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈરાન તેલ અને ગેસ પુરવઠા સંકટને વધુ ઊંડો બનાવવા માંગે છે, જેથી તે વૈશ્વિક આક્રોશ પેદા કરી શકે અને પરિણામે, ગલ્ફ દેશો અને અન્ય દેશો દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ પર ઈરાન પરના હુમલા બંધ કરવા દબાણ કરી શકે. ૧૩૫ દેશો દ્વારા ગલ્ફ દેશોને નિશાન બનાવવા બદલ સંયુક્ત રાષ્ટ્રમાં તેની નિંદા કરતો ઠરાવ રજૂ કરવાથી ઈરાન પ્રભાવિત થશે કે નહીં તે શંકાસ્પદ છે.

ઈરાન પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠો ખોરવી નાખવા અને લશ્કરી સંઘર્ષને લંબાવવાની પોતાની ઈચ્છા દર્શાવી રહ્યું હોવાથી, યુનાઈટેડ સ્ટેટ્સે વિશ્વ સામે વધી રહેલા ઉર્જા સંકટને સમાપ્ત કરવા માટે સક્રિય પગલાં લેવા જોઈએ. ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલો કરીને, તેણે પશ્ચિમ એશિયાને અસ્થિર અને વિક્ષેપિત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ઉર્જા પુરવઠા સંકટ પણ ઉભું કર્યું છે. તેને પહેલા દિવસથી જ ખબર હોવી જોઈએ કે ઈરાન પર હુમલો અને લાંબા યુદ્ધથી તેલ અને ગેસની અછત સર્જાશે, અને સમગ્ર વિશ્વ તેના પરિણામો ભોગવશે. હાલમાં આ જ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. ભારત સહિત ઘણા દેશોને અન્ય સ્ત્રોતોમાંથી તેલ અને ગેસ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. તેમના ભાવ પણ વધી રહ્યા છે. તે નિરાશાજનક અને ચિંતાજનક છે કે અમેરિકા ઈરાનને નિશાન બનાવીને સર્જાયેલી કટોકટીનો ઉકેલ લાવવા માટે ખૂબ ઉત્સુક દેખાતું નથી. યુએસ રાષ્ટ્રપતિ ઈરાનની લશ્કરી શક્તિને નબળી પાડવાના મોટા દાવા કરી રહ્યા છે, પરંતુ તેઓ ઈઝરાયલ અને ગલ્ફ દેશો પર તેના બદલો લેવાના હુમલાઓને રોકવામાં અસમર્થ છે. તેમનો દાવો કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસ ટેક્રરોનો સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત કરશે તે પણ પોકળ લાગે છે. અગાઉ પોતાની મનસ્વી ટેરિફ નીતિઓથી બધાને પરેશાન કરનારા અમેરિકી રાષ્ટ્રપતિ હવે પોતાના બેજવાબદાર વલણથી દુનિયા માટે વધુ મોટી સમસ્યા બની ગયા છે. દુનિયાની સાથે અમેરિકાને પણ આની કિંમત ચૂકવવી પડશે.

NCDCના ૧૫ કરોડના કૌભાંડ માટે પીપલ્સ કો. બેક્રના મેનેજર જતિન નાયક જવાબદાર

# પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર જતિન નાયક ધ્વારા ખોટી રીતે ફિઝિકલ વેરિફિકેશન કરી ખાંડનો જથ્થો ખોટો બતાવી લોન મેળવતા ઓલપાડ પોલીસ ધ્વારા ધડપકડ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામે આવેલ શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. માં મંડળીએ પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર જતિન નાયક ના રૂપિયા ૧૫ કરોડના ફ્રોડ કર્યાની ફરિયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમા નોંધવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૭/૧૧/૨૦૨૩ ના રોજ મંડળીમા ખાંડ સ્ટોક ૪ હજાર ૨૨ કવીન્ટલ હોય તેમ છતાં પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર ખોટી રીતે ફિઝિકલ વેરિફિકેશન, ખાંડનો જથ્થો ૫૯૪૦૨ કવીન્ટલ નો સ્ટોક બતાવી નેશનલ કો. ઓ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન **(NCDC)** માંથી તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ ૯,૩૫,૯૫૦૦૦/- પુરા ની લોન મંડળીના ખાતામા મેળવી હતી. તેમજ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ ૨૩૮૦૦ કવીન્ટલ ખાંડના સ્ટોક ઉપર રૂપિયા ૬,૨૯,૨૯,૦૦૦/- ની લોન મેળવેલ હોય જે મળી કુલ રૂપિયા ૧૫,૬૫,૨૪,૦૦૦/- ની લોન મેળવી બદદાનત થી દૂરઉપયોગ કરી ગંભીર ગુનો કરતા (૧)મંડળીના પ્રમુખ પ્રદીપકુમાર ગૌતમભાઈ પંડયા, હાલ રહે.અંકલેશ્વર, અંબેગ્રીન સિટી, તા. અંકલેશ્વર, જિ. ભરુચ (૨) પ્રદીપકુમાર ભગુભાઈ પટેલ , હાલ રહે.૧૦,બીયોનવિલા સોસાયટી, ડીમાર્ટ ની પાછળ કેનાલ રોડ, જહાંગીરપુરા, સુરત, મૂળ રહે. સરસ ગામ,તા.ઓલપાડ, જિ.સુરત (૩) જતિન ઈશ્વરભાઈ નાયક રહે.૪-રાસ્મેશ્વરમ રો-હાઉસ, ગંગેશ્વર મંદિર ની પાછળ, અડાજણ, સુરત ની ધડપકડ કરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરોકત ત્રણેય આરોપીઓ એકબીજાના મેળાપીપણામા ખોટા સ્ટોક પત્રકો બતાવીને પત્રકો ખોટા છે તેવું જાણતા હોવા છતાં **NCDC** મા રજૂ કરી તેના ઉપર મોટી લોન મેળવી લઈ તે નાણાં ના હપ્તા નહીં ભરી નાણાં ચાંઉ કરી ગંભીર ગુનો આચરેલ છે. આ લોન મેળવવામા ભૂંડી ભૂમિકા પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર જતિન નાયકે ભજવેલ છે. બેક્ર ધ્વારા ખોટા પત્રકો બનાવી તેના ફિઝિકલ વેરિફિકેશન ખોટા હોવા છતાં સાચા દર્શાવી બેક્રના મેનેજર જતિન નાયકે **NCDC** સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે.

મંડળીના પ્રમુખ અને સ્ટોર કીપર તો કાયદા ના જાણકાર હોતા નથી છતાં ગુનામાં ભાગીદારી કરી છે. એટલે તેઓ ગુનેગારો તો છે જ. પરંતુ આ ગુનો કરવામાં પ્રોત્સાહન આપનાર પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર જતિન નાયક જેઓ કાયદા ના જાણકાર અને પીએચડી ડિગ્રી સુધીનો અભ્યાસ કરેલ છે અને બેક્રમા મહિને બે થી અઢીલાખ જેટલો પગાર મેળવતા હોવા છતાં મંડળીના હોદ્દેદારો એ આવી રીતે ગેરમાર્ગે દોરી સરકારી સંસ્થા સાથે મંડળીના હોદ્દેદારોને સંસ્થા સાથે છેતરપિંડી કરવા પ્રોત્સાહિત કરે તે કેટલા અંશે વ્યાજબી ગણાય? પીપલ્સ કો.ઓ બેક્રના મેનેજર જતિન નાયક બીજા કેટલા કામમા કાળા હાથ કર્યા છે અને આ ખોટા ફિઝિકલ વેરિફિકેશનમા બીજા કયા અધિકારીઓ સામેલ છે તેની પણ તપાસ થવી જોઈએ.

ગૌચરની જમીનો ઉપર દબાણ કે વેચાણ થયેલ હોય તેવા દબાણ કે વેચાણ ને ગૌ હિતમા રદ કરવા જિલ્લા કલેકટરે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ

# સુરત શહેર જિલ્લામા ગૌચર જમીનો "ચરી" ગયેલા આખલાઓને પાંજરે કોણ પૂરશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત હવે ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ થઈ રહ્યું છે. સુરતની ભૂગોળ હવે બદલાઈ રહી છે. એનું કારણ વિકસતા સુરતમાં સમાવિષ્ટ થયેલા અને થતાં રહેતા ગામડાઓ એને કારણે સુરતની કાયાપલટ થઈ રહી છે એમ કહેવું ખોટું નથી.પરંતુ શરમની વાત એ છે કે સમાવિષ્ટ થતાં ગામડાઓ અને એમાં આવેલી ગૌચરની જમીનો ગામના જ વહીવટદારો ધ્વારા મોટા માથાઓને કે રાજકીય ઓથ ધરાવતા ખંધા બિલ્ડરોને જ્યારે વેચી મારવામાં આવે છે. ત્યારે હિન્દુ રાષ્ટ્રના ગાણા ગાતા કહેવાતા આ હિન્દુત્વના ઠેકેદારો અને એમને પીઠબળ પૂરું પાડતા ભ્રષ્ટ શાસકો માટે શરમ જનક બાબતથી વધુ શું હોઈ શકે? જ્યાં ગૌચરની જમીન વેચવી અને ગૌચરની જમીન લેવીએ ગુન્હો બને છે. ત્યારે અહીં પણ લેનાર અને વેચનાર બંને ગુન્હેગાર છે.

### ગાયોનું ગૌચર ઝુંટવી લેતા ખંધા બિલ્ડરો

એક બાજુ શહેરમા સમાવિષ્ટ થતાં ગામડાઓની ગૌચર જમીનો ગામના જ કેટલાક વહીવટદારો અને લાગવગીયાઓને કારણે વેચાઈ જતાં શહેરોમા રસ્તે રજળતી રખડતી ગાયો રાહદારીઓના જીવલેણ અકસ્માત કરે છે. તો બીજી બાજુ એ જ ગાય ને બચાવતા જતાં વાહન ચાલક ગંભીર ઈજા પામે છે કે મોતને ભેટે છે. ઘણા કિસ્સાઓમા ગાયના પણ મોત થયાના સમાચારો પણ અખબારોમા ચમક્યા છે.જે અંગે નાગરિકોની સતત ફરિયાદો તંત્રને કરાતી હોવા છતાં એનું કોઈ નિરાકરણ થતું જ નથી.

આનું મોટું કારણ છે ગાયો માટે બનાવેલી ગૌચર જમીનો વેચાઈ જવી એને કારણે ગાયો બિચારી બાપડી બની રસ્તાઓ ઉપરની ગંદકી કે કચરાના ઉકરડા જેવા ઢગલાઓમા જઈ પેટ ભરવા પ્લાસ્ટિક ખાવા મજબૂર બનતી ગૌ-માતા એક બાજુ આપણે કહીએ છીએ કે કીડીને કણ અને હાથીને મણ પરંતુ અહીં આ ભૂખી અને લાચાર ગાયોના નશીબમા એ પણ નહીં હોવાથી પેટનો ખાડો પુરવા રસ્તે પડેલો એંઠવાડ કે કચરો ખાવા ગાય માતા ને મજબૂર બનવું પડે છે.

આમ ગામની ગૌચર જમીનો રાજકીય મોટા મગરમચ્છ જેવાઓને સહારે ગામના જ કહેવાતા વહીવટદારો પાસેથી ખંધા બિલ્ડરો ખરીદી લેતા હોવાને કારણે પણ ગાયોને માટે ઘાસ ચારાની અછત સર્જાય છે. આ ભૂખે, તરસે રખડતી ગાયો જ્યારે દૂધ આપતી બંધ થતી હોય છે. ત્યારે ઢોરનો માલિક પણ રસ્તે રખડતી મૂકી દેતો હોય છે. કારણકે દૂધ નહીં આપતી ગાય માટે એની પાસે ચારો હોતો નથી અથવા એ ગાયો અનાથ બનીને રસ્તે રખડતી થઈ જાય છે. જેનો લાભ કેટલાક લેભાગુ આવારા તત્વો લેતા હોય છે. અને આવા તત્વો રાત્રીના સમયે થ્રી વ્હીલર કે ફોર વ્હીલર જેવા વાહનોમા આવી અનાથ ગાયોને લઈ જઈ કતલખાને વેચી દેતા હોય છે.

ત્યારે અહીં સવાલ એ પેદા થાય છે કે આપણે એકબાજુ ગૌ ભક્ત અને હિંદુ રાષ્ટ્રની વાતો કરીએ છીએ અને બીજી બાજુ આપણા જ રાષ્ટ્રમા ગાયોની ખુલ્લેઆમ કતલ થઈ રહી હોય છતાં ગંભીર મૌન ધારણ કરતાં હોઈએ એવા બેવડા ધોરણો રાખવા કરતાં જેમ મોર પણ રાષ્ટ્રીય પક્ષી છે એમ ગાય ને પણ પવિત્ર પૂજનીય રાષ્ટ્રીય ગૌ માતા તરીકે કેમ જાહેર નથી કરાતી? સરકાર ઉપરથી નીચે સુધી એટલે કે ડબલ એન્જિનની સરકાર હોવા છતાં ગાયની કતલ માટે કોઈ કાયદો કેમ બનાવવામાં નથી આવ્યો? હવે મૂળ મુદ્દા પર આવીએ તો જે ગામોની ગૌચર જમીનો વેચાઈ ગઈ છે એવી તમામ જમીનો લેનારા અને વેચનારાઓ પાસેથી કલેક્ટર કાયદાકીય કાર્યવાહી કરી જમીનો પાછી લઈ લે અને એ જમીનો શ્રીસરકાર કરે. અને એવી જમીનો ઉપરના દબાણોનું ડિમોલિશન કરી એવી જમીનો વેચનારા અને લેનારાઓ ગમે તેવા ચમરબંધી કેમ ના હોય? એમની ઉપર પગલાં ભરી જેલ ભેગા કરે એ જ ઈચ્છનીય છે. કારણકે રખડતી ગાયો પકડવા જનારી ઢોર પાર્ટી અને પોલીસ સાથે પશુપાલકોને ઘર્ષણ થતાં મારા-મારી જેવા ગંભીર બનાવો બનવાનું મૂળ કારણ પણ ગૌચરની જમીનો વેચાઈ જવાને કારણે જ ઊભું થતું હોય છે.

અને છેલ્લે મુખ્ય અને મહત્વની વાત એ છે કે જે ગૌચરની જમીનો જે આખલાઓ "ચરી" ગયા છે એવા આખલાઓને પાંજરે પૂરી ગૌચરની જમીનો ખુલ્લી કરાવીને કલેક્ટરે લીલા ઘાસ ચારાની સાથે લચકા ઘાસના વાવેતરની યોજના સરકાર અને ગ્રામજનોના સહકારથી બનાવી ઘાસચારાનું ઉત્પાદન શરૂ કરાવું જોઈએ. અને એવા ઘાસને પાંજરાપોળ અને ગૌશાળાઓમા પુરા પાડવાથી રસ્તે રખડતી ગાયોની ભૂખનો પ્રશ્ન હલ થઈ જશે સાથે રસ્તે રખડતાં ઢોરનો ત્રાસ દૂર થતાં ગાય કે માનવીના મૃત્યુ નહીં થાય. ગાયો કતલખાને જતી બચી જશે. અહીં જરૂર છે માત્ર ને માત્ર કલેક્ટર અને સરકારે ત્રીજુ નેત્ર ખોલી ગૌચર જમીનો ખાલી કરાવવા મેદાન-એ-જંગમા ઉતરી સાચી ગૌસેવા કરવાનું દ્રષ્ટાંતરૂપ નમૂનો પૂરો પાડવાની. સમગ્ર સુરત શહેર અને જિલ્લામા ગૌચર ની જમીનો ગેરકાયદેસર પચાવી પાડી હોય તેવી તમામ ગૌચરની જમીનો નો તાત્કાલિક સર્વે કરાવી જેટલી જમીનો ખુલ્લી હોય એટલી જમીનો ઉપર નિયંત્રણ મૂકવામાં આવે અને જે ગૌચરની જમીનો ઉપર દબાણ કે વેચાણ થયેલ હોય તેવા દબાણ કે વેચાણ ને ગૌ હિતમા રદ કરવા જિલ્લા કલેક્ટરે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

બે લાખથી વધુ લોકોની ચિંતા વધી

# યુદ્ધને કારણે LPGની અછત વચ્ચે PG સંચાલકોનું અલ્ટીમેટમ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મિડલ ઈસ્ટમાં યુદ્ધને પગલે ગેસના સિલિન્ડરની છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ખેંચતાણથી વિદ્યાર્થીઓ ચિંતામાં મૂકાયા છે. કેમકે, પીજી તરીકે રહેતા વિદ્યાર્થી-નોકરિયાતો જ્યા રહે છે, ત્યા નાના પાયે ચાલતા રસોડામાં કે પછી બહાર રેસ્ટોરન્ટમાં જમતા હોય છે. હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડર નહીં મળતા હોવાથી તેમને પણ જમવાની મુશ્કેલી સર્જાઈ શકે છે.અમદાવાદમાં હાલ ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પીજીમાં રહે છે. જેમાંથી મોટાભાગના ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, વસ્ત્રાપુર અને શ્યામલ વિસ્તારમાં છે. હાલ આ પીજીમાં ગેસ સિલિન્ડરને લઈને કોઈ સમસ્યા સર્જાઈ નથી. પરંતુ તેના સંચાલકો અને પીજીમાં રહેતા લોકોમાં એક ચિંતા વ્યાપી ગઈ છે. બીજી તરફ વડોદરામાં પીજીના વિદ્યાર્થીઓ માટે નાના પાયે ચાલતા રસોડા બંધ થવાના આરે છે. કારણ કે તેમની પાસે ગેસ સિલિન્ડર નથી. કેટલાક પીજી સંચાલકો રસોડા ચલાવવા માટે કોલસાથી ચાલતી ભઠ્ઠી ખરીદવાની મથામણ કરી રહ્યા છે. તેઓ જે રેસ્ટોરન્ટમાં જમવા જાય છે ત્યાં પણ અનિશ્ચિતતાનો માહોલ છે. રેસ્ટોરન્ટના સંચાલકોએ વિદ્યાર્થીઓને કહી દીધું છે કે, 'જ્યાં સુધી ગેસ છે ત્યાં સુધી જમવાનું બનાવીશું. પછી શું થશે તેની ખબર નથી.'ભુજ, ગાંધીધામ સહિત કચ્છમાં ગેસ સિલિન્ડરની કૃત્રિમ અછતના માહોલ વચ્ચે બે દિવસથી લોકોમાં ડર સર્જાયો છે. જ્યારે બાવડામાં પુરવઠા વિભાગે દરોડો પાડીને સંગ્રહખોરોનો પર્દાફાશ કર્યો હતો. ગાંધીધામમાં પણ ગેરકાયદે રિફિલિંગની પ્રવૃત્તિ પકડાઈ હતી અને ૩૦ બાટલા કબજે કરાયા છે. ગાંધીધામમાં બીજા દિવસે ગેસ સિલિન્ડર મેળવવા માટે ગ્રાહકોની કતારો લાગી હતી. ઓનલાઈન બુકિંગ થતું ન હોવાથી લોકો વિતરક એજન્સીની બહાર લાઈનો લગાવી રહ્યા છે. ગેસના બાટલા નહીં મળે તેવી ભીતિથી હોટલ રેસ્ટોરન્ટના માલિકો પણ એડવાન્સમાં બોટલ મેળવવા ધંધે લાગ્યા છે.રાંધણ ગેસનો પુરતો પુરવઠો હોવાની સરકારની જાહેરાત છતાં લોકોમાં ઉચાટ છે.

ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા સુરતના કડોદરામાં ભારે અફરાતફરી મચાવી દીધી હતી. ભવિષ્યમાં ગેસની તંગી સર્જાશે તેવા ભયને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો જેને પરિણામે ગેસ એજન્સીઓ પર સિલિન્ડર મેળવવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.વડોદરા શહેર તેમજ જિલ્લામાં ઘરગથ્થુ એલપીજી બોટલના બુકિંગ માટે લાંબી લાઈનો લાગી રહી છે. જ્યારે બીજી બાજુ લારીઓ પર ખુલ્લેઆમ ઘરગથ્થુ ગેસ બોટલોનો કોમર્શિયલ ઉપયોગ થઈ રહ્યો છે. કેટલાક લોકો પાસે ગેસનો બોટલ હોવા છતાં તાત્કાલિક બીજો બોટલ મેળવવા માટે પ્રયત્નો કરવા લાગ્યા છે. જ્યારે કોમર્શિયલ ગેસ બોટલો પર નિયંત્રણોના કારણે તેનો સપ્લાય, વપરાશ ઘટ્યો છે.

# સવા લાખ તો આપવા જ પડે ઓછુ કંઈ નહી: રાજકોટમાં ભાજપના પૂર્વ કોર્પોરેટરનો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના ઉપલાકાંઠા વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને હાલ વોર્ડ નં.ર ના સક્રિય કાર્યકર્તા તરીકે કાર્યરત અનીલ મકવાણા ગેરકાયદેસર બાંધકામ મામલે મહાપાલિકામાં ફરીયાદ કર્યા બાદ જો તે ફરીયાદ પાછી ખેંચવી હોય તો પૈસા આપવા પડે તેવુ કહીને વાટાઘાટો કરી રહ્યા નો વિડીયો આજે શુક્રવારે સવારથી સોશીયલ મીડીયામાં વાયરલ થતા ભાજપના વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



વિશેષમાં સોશીયલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયોમાં એવા મતલબનો સંદર્ભિત સંવાદ થતો હોવાના દ્રશ્યો બહાર આવ્યા છે કે રવિ રત્ન પાર્ક વિસ્તારમાં ચાલતા કોઈ બાંધકામ મામલે ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણાએ મહાનગરપાલિકામાં ફરીયાદ કરી હતી અને તે ફરીયાદ પાછી ખેંચી લેવા અથવા તો કોઈ એકશન ન લેવામાં આવે તે માટે બાંધકામ કોન્ટ્રાકટર આજીજી કરી રહ્યો છે અને ફરીયાદ પાછી ખેંચવા માટે માંગેલી રકમમાં ઘટાડો કરવા વિનંતી કરી રહ્યો છે. ૩ લાખ રૂપીયાની માંગણી કરી હોવાના સંદર્ભે વિડીયો માં નહી દેખાતો પરંતુ જેનો અવાજ સંભળાય છે તે શખ્સ બાંધકામ કોન્ટ્રાકટર હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

વિડીયોમાં જેનો અવાજ સંભળાય છે તે શખ્સ પૂર્વ કોર્પોરેટરની ૩ લાખ રૂપીયાની માંગણી સામે પોતે ફકત ૬૦ હજાર આપી શકે તેમ હોવાનુ કહે છે. ત્યારે પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણા છેલ્લા સવા લાખ રૂપીયાથી ઓછુ કંઈ નહી તેમ કહીને એકટીવાનો સેલ લગાવી રવાના થઈ જાય છે તેવા દ્રશ્યો વાયરલ વિડીયોમાં જોવા મળે છે.

આજે શુક્રવારે સવાર થી ઉપરોકત વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા તેમજ ટીવી ચેનલોમાં પણ પ્રસારીત થતા સમગ્ર રાજકોટ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અલબત્ત ભાજપના જ વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે આ પ્રકારે અનેક લોકો પાસેથી પૈસા પડાવવા પ્રયાસ કર્યાની વાત બહાર આવી છે. પરંતુ હવે ભોગ બનનાર વધુ લોકો સામે આવે તેવી શકયતા નકારી શકાતી નથી. વિડીયો વાયરલ થયા બાદ પૂર્વ કોર્પોરેટરનો સંપર્ક કરવા ભારતીય જનતા પાર્ટી ના જ અનેક લોકોએ પ્રયાસ કર્યો હતો. પરંતુ મકવાણાએ તેમનો મોબાઈલ સ્વીચ ઓફ કરી નાખ્યો હતો.

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે એ જણાવ્યુ હતુ કે બાંધકામ કરનાર પાસેથી પૈસા માંગતા ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણાનો વાયરલ થયેલો વિડીયો તેમણે સોશીયલ મીડીયામાં નિહાળ્યો છે. પરંતુ તેમનો સંપર્ક કરવા નો પ્રયાસ કરતા મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો છે. આ અંગે પ્રદેશ ભાજપમાં જાણ કરાશે ત્યારબાદ ત્યાંથી જે માર્ગદર્શન આવે તે મુજબ આગળની કાર્યવાહી કરાશે.

# પાટણમાં જૂની અદાવતમાં ફાયરિંગ, એક વ્યક્તિનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સિદ્ધપુર

પાટણ શહેરના નિલમ સિનેમા વિસ્તારમાં ગુરુવારે ભરબપોરે જૂની અદાવતમાં થયેલી ફાયરિંગની ઘટનામાં શહેરના બુકડી વિસ્તારમાં રહેતા અને ભેંસોના વ્યવસાય સાથે સંકળાયેલા આધેડનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે જિલ્લા પોલીસ વડા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવી ફાયરિંગ કરી ફરાર થયેલા શખ્સને ઝડપી લેવા શહેર ફરતે નાકાબંધી કરી સીસીટીવી ફૂટેજ તપાસી ચક્રોગતિમાન કરાયાં હોવાનું જાણવા મળ્યું છે. બુકડી વિસ્તારમાં રહેતા અને ભેંસોના વ્યવસાય સાથે સંકળાયેલા યુસુબખાન ચાંદખાન પઠાણ (ઉ.વ. ૫૦) સવારે ૧૧ વાગ્યાના સુમારે નિલમ સિનેમા વિસ્તારમાં ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ઝહીર ઉર્ફે ખોખરા, સાહિદ સાજીદ શેખ અને એઝાઝ ઉર્ફે વેતીયો રસુલભાઈ સિપાઈએ રિક્ષામાંથી ઉતરી યુસુફ ખાનની કાર રોકાવીને ઝહીર ઉર્ફે ખોખરાએ પોતાના હાથમાં રહેલા રિવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ કર્યુ હતું. ગોળી વાગતાં યુસુબખાન પઠાણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.


### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૧૩/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૯૯૭ | ૪૩૦.૦૦ | ૬૪૦.૦૦ |
| ૨ | મગફળી | ૧૫ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૭૮ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૨.૦૦ |
| ૪ | રાયડો | ૩૦ | ૧,૧૫૦.૦૦ | ૧,૧૯૫.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૩૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૩૦૦.૦૦ | ૩૪૦.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૪૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૫૭૨.૦૦ |
| ૮ | ચણા | ૨૦ | ૯૮૦.૦૦ | ૧,૦૩૫.૦૦ |
| ૯ | તુવર | ૩ | ૧,૩૩૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૮ | ૧,૨૦૦.૦૦ | ૧,૫૬૭.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફટવેર


માતા મજુરીએ જાય એટલે આરોપી સગીરાની સાથે અડપલા કરી પોત પ્રકાશતો હતો

# મહેસાણા જિલ્લાના લાંઘણજમાં ૧૫ વર્ષની સગીરાએ ૧૦૮માં બાળકને આપ્યો જન્મ: લાંઘણજમાં મંદિર પાછળ લઈ જઈને યુવકે શરીર સંબંધ બાંધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



મહેસાણા જિલ્લાના લાંઘણજ પોલીસ મથક વિસ્તારમાં આવતા એક ગામમાં માનવતા ને શર્મશાર કરતી ઘટના બહાર આવી છે. જેમાં એક ૧૪ વરસ ૫ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી, ફોસલાવી ગામમાં આવેલા એક મંદિર પાછળ લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાની ફરીયાદ નોંધાઈ છે. આ કેસમાં સગીરા ગર્ભવતી બની જતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જેના પગલે ભોગ બનનારની માતાએ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગતો મુજબ પીડીત સગીરાની માતા જયારે મજુરી અર્થે જતી હતી ત્યારે સગીરા ગામના મહાકાળી માતાના મંદિર પાસે માતાની પરત આવવાની રાહ જોઈને બેસતી હતી. આ સમયનો લાભ ઉઠાવી જીગરજી ઉર્ફે જીગો વિષ્ણુજી ઠાકોર નામના શખ્સે સગીરા સગીરવયની હોવાનુ જાણવા છતાં તેને પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાને મહાકાળી માતાના મંદિર થી વેરાઈ માતાના મંદિરના પાછળના ભાગે આવેલી ખુલ્લી જગ્યામાં અવાર નવાર લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. છેલ્લા ૬ મહિનાના સમયગાળા દરમિયાન આચરેલા આ દુષ્કર્મને કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. આ બાબતની જાણ પરીવારને થતા ગંભીરતા સમજી માતાએ તાત્કાલીક લાંઘણજ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે આરોપી જીગરજી ઠાકોર વિરૂધ્ધ બીએનએસની કલમ ૬૪(૨) એમ, ૬૫ (૧), ૧૩૭(૨) તથા પોકસો એકટ હેઠળની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કર્યો છે. હાલમાં પોલીસે આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. સમગ્ર બાબતે પીએસઆઈ વાય એ પરમારે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે લાંઘણજ પંથકના એક ગામમાં સગીરાને લલચાવી ફોસલાવી મજુરી કરતા યુવકે દુષ્કર્મ આચર્યુ હતું. સગીરાને ૭ માસનો ગર્ભ રહ્યાની જાણ થઈ હતી. માતાએ ઈજ્જત જવાની બીકના કારણે આ બાબતે કોઈને જાણ કરી ન હતી. જો કે ગઈ કાલે સગીરાની ડીલીવરી ૧૦૮ માં જ થઈ ગઈ હતી. ત્યારબાદ સગીરા ગાંધીનગર સીવીલમાં દાખલ હતી ત્યાં તેની ફરીયાદ લીધી હતી. આરોપીને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૩૨૪, ચાંદીના વાયદામાં રૂ.૧૭૬૨ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪૬ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૬૪.૮૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૦૧૬૭.૮૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૦૧૯.૨૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૯૮૫૩૩.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૬૪.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૭૦૧૬૭.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૨૬૪.૮૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૦૧૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૨૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૪૦૧ અને નીચામાં રૂ.૧૫૮૭૬૪ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦૨૭૧ના આગલા બંધ સામે રૂ.૩૨૪ ઘટી રૂ.૧૫૯૯૪૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૩૭ ઘટી રૂ.૧૩૦૮૩૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૧૬૪૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૯ ઘટી રૂ.૧૫૯૯૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૯૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૯૭૯ અને નીચામાં રૂ.૧૫૯૭૨૧ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૩૫૯ના આગલા બંધ સામે રૂ.૫૫૯ ઘટી રૂ.૧૬૦૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૯૧૮૬ અને નીચામાં રૂ.૨૬૦૭૫૨ના મથાળે અથડાઈ, રૂ.૨૬૭૯૬૨ના આગલા બંધ સામે રૂ.૧૭૬૨ ઘટી રૂ.૨૬૬૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૮૧૩ ઘટી રૂ.૨૭૧૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૦૦૧ ઘટી રૂ.૨૭૧૭૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૨૨.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૦.૬૫ ઘટી રૂ.૧૧૯૧.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૧ ઘટી રૂ.૩૨૪.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૦૫ ઘટી રૂ.૩૪૭.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૮૮.૬૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૬૫૭.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૦૩ અને નીચામાં રૂ.૪૯૮૦ના મથાળે અથડાઈ, રૂ.૩૧૬ વધી રૂ.૫૦૯૦ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૯૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૮૭ અને નીચામાં રૂ.૮૬૨૯ના સ્તરને સ્પર્શી, રૂ.૮૮૦૪ના આગલા બંધ સામે રૂ.૧૪૬ ઘટી રૂ.૮૬૫૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૪૬ ઘટી રૂ.૮૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૩ વધી રૂ.૩૦૨.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૫.૧ વધી રૂ.૩૦૨.૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૧ વધી રૂ.૯૮૨.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૧૪૦ વધી રૂ.૨૫૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૧ના ભાવે ખૂલી, રૂ.૧૨ ઘટી રૂ.૨૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૦૧૪.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૦૦૪.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૫૮૭.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૯.૭૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૯.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૯.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૨૮૮.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૨૨.૯૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૫૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૨૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૫ કરોડનાં કામ થયાં હતાં.


ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૧૦૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૦૧૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૫૨૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૫૬૧૩૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૩૧૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૭૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૧૩૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૧૭૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૫૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૮૯૭૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૮૯૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૨૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૪૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૨૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૮૩ પોઈન્ટ ઘટી ૩૯૪૧૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૨.૬ ઘટી રૂ.૩૯૧.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૨૧.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૭૩૯.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯.૫ ઘટી રૂ.૩૮૮૦ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૪૧ ઘટી રૂ.૧૭.૪૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા ઘટી રૂ.૦.૩૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૬.૦૫ ઘટી રૂ.૪૦૦.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯ વધી રૂ.૨૨.૧૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩ ઘટી રૂ.૩૪૨૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૬.૫ ઘટી રૂ.૪૮૪૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૩ ઘટી રૂ.૨૫૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૧૯.૬ થયો હતો. સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦.૫ ઘટી રૂ.૨૮૯૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬ વધી રૂ.૫૩૬ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૪ પૈસા વધી રૂ.૬.૭૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૪.૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૧.૬ ઘટી રૂ.૬૩૩.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ ઘટી રૂ.૧૯.૮ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧.૫ ઘટી રૂ.૩૦૦૦ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦.૫ વધી રૂ.૪૩૬ થયો હતો.




## સાબરકાંઠા જિલ્લાના ઈડરના ડુંગરો પર મોડી રાત્રે વિકરાળ આગ ફાટી નિકળીઃ અમુલ્ય વૃક્ષો બળીને રાખઃ વન્ય પ્રાણીઓ પર તોળાયુ સંકટ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડરીયો ગઢ અને આજુબાજુના ડુંગરાળ વિસ્તારોમાં ગઈ કાલે રાત્રે અચાનક વિકરાળ આગ ફાટી નિકળતા સમગ્ર પંથકમાં ભારે ચિંતા અને ફફડાટ વ્યાપી ઉઠયો હતો. કાળઝાળ ગરમી અને પવનના કારણે આગે જોતજોતામાં રોદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ડુંગર પરના અમુલ્ય વૃક્ષો બળીના ખાખ થઈ ગયા હતા. આગની ગંભીરતાને જોતા ઈડર ફાયર ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી. આગ વધુ વકરતા હિંમતનગર ફાયર વિભાગની પણ મદદ લેવામાં આવી હતી. ઈડર અને હિંમતનગરની કુલ ૫ ફાયર ફાઈટર અને ૨૪ જેટલા કર્મચારીઓએ મોડી રાત સુધી ઓપરેશન ચલાવ્યુ હતું. સતત ૧૨ કલાકની ભારે મથામણ બાદ શુક્રવારે વહેલી સવારે આગ પર કાબુ મેળવી શકાયો હતો. ઈડરના આ ડુંગરો દિપડા , રીંછ અને અન્ય વન્ય પ્રાણીઓ તેમજ પશુ પક્ષીઓનુ કુદરતી રહેઠાણ છે. આગના કારણે આ અબોલ જીવો ના જીવ પર જોખમ ઉભુ થયુ છે. વન્ય જીવોના આશ્રયસ્થાનો નાશ પામતા પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા જોવા મળી રહી છે. આગ લાગવાનુ ચોકકસ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. પરંતુ આ વિસ્તાર વનવિભાગના કાર્યક્ષેત્રમાં આવતો હોવા છતાં ઘટના બાદ વન વિભાગ દ્વારા લેવાયેલી ઉદાસીનતાને લઈને જીવદયા પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## ગુજરાતમાં હવે ૧૫ વર્ષ જુના સરકારી વાહનો ફરજીયાત સ્ક્રેપ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા સરકારી વાહનોને રદબાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ કરવાની કાર્ય પધ્ધતિમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. અત્યાર સુધી અનુભવે એવુ જોવા મળ્યુ હતુ કે માપદંડો પૂર્ણ થવા છતાં વાહનો સમયસર રદબાતલ ન થતા હોવાથી તેની કિંમત ઘટી જતી હતી. જેને ધ્યાને રાખીને આ નવી નીતિ જાહેર કરવામાં આવી છે. નવી કાર્યપધ્ધતિ મુજબ વાહનોને રદબાતલ જાહેર કરવા માટે નીચે મુજબના માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જો વાહન ૧૦ વર્ષ પૂર્ણ કરે અને ૨.૫૦ લાખ કિ.મી. ચાલેલુ હોય તો કચેરીના વડા તેને રદબાતલ જાહેર કરી શકે છે. (૧) જો વાહને ૧૦ વર્ષ પૂર્ણ કર્યા પણ ૨.૫૦ લાખ કિ.મી. ન ફર્યુ હોય અથવા કિ.મી. પૂર્ણ કર્યા હોય પણ વર્ષ બાકી હોય તો ખાતાના વડા નિર્ણય



લઈ શકશે (૨) જો વાહન બંને માપદંડો પૂર્ણ ન કરતુ હોય છતાં ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તો મિકેનીકલ ડીવીઝનના અધિક્ષક ઈજનેરનો અભિપ્રાય મેળવી વહિવટી વિભાગના વડા મંજુરી આપી શકશે (૩) કેન્દ્ર સરકાર ના જીએસઆર ૨૯ (ઈ) અને કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ મુજબ ૧૫ વર્ષ તેથી વધુ આયુ ધરાવતા તમામ સરકારી વાહનોને હવે ફરજીયાતપણે સરકાર માન્ય મારફતે સ્ક્રેપ કરવાના રહેશે જે વાહનો ૧૫ વર્ષના ન થયા હોય તેનો નિકાલ હરાજીથી કરવો કે સ્ક્રેપ કરવા તે અંગેનો નિર્ણય જે તે મુળ કચેરીએ લેવાનો રહેશે.

## દેશના ઈતિહાસમાં પહેલીવાર મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે નોટીસઃ શું ૧૯૩ વિપક્ષી સાંસદોની સહીથી જશે જ્ઞાનેશકુમારનુ પદ?

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ઈતિહાસમાં એક અનોખી ઘટના બહાર આવી છે. સ્પીકર બાદ મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષે મહાભિયોગ લાવ્યો છે. ૧૯૩ વિપક્ષી સાંસદોએ નોટીસ પર સહી કરી છે,સુત્રોએ આ માહિતી આપી હતી, સુત્રોના કહેવા પ્રમાણે લોકસભાના ૧૩૦ અને રાજયસભાના ૬૩ સભ્યોએ આ નોટીસ પર સહી કરી છે, શકયતા છે કે આ નોટીસ આજે એટલે કે શુક્રવારે સંસદના કોઈ એક ગૃહમાં રજુ થઈ શકે છે. પણ હજુ સ્પષ્ટ નથી કે કયા ગૃહમાં રજુ થશે, વિપક્ષના એક નેતાએ જણાવ્યુ હતુ કે સાંસદોએ નોટીસ અંગે ખુબ ઉત્સાહ બતાવ્યો અને જરૂરી સંખ્યા પુરી થયા પછી પણ ગઈ કાલે ગુરૂવારે ઘણા સાંસદોએ સહી કરી હતી.

નિયમોઅનુસાર મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે લોકસભાના



ઓછામાં ઓછા ૧૦૦ અને રાજયસભાના ૫૦ સાંસદોની સહી જરૂરી છે. એક અન્ય સુત્ર મુજબ આ નોટીસ પર વિપક્ષી ગઠબંધન (ઈન્ડીયાના ) ના તમામ પક્ષોના સાંસદોએ સહી કરી છે. આમ આદમી પાર્ટી હવે ભલે આ ગઠબંધનનો સત્તાવાર ભાગ નથી તેમ છતાં પણ તેમના સાંસદોએ નોટીસ પર સહી કરી છે. આ પહેલીવાર છે. જયારે મુખ્ય ચુંટણી કમિશ્નરને હટાવવા માટે આવી નોટીસ આપવામાં આવી છે. સુત્રોના જણાવ્યા અનુસાર નોટીસમાં મુખ્ય ચુંટણી કમિશ્નર વિરૂધ્ધ ૭ આરોપ મુકવામાં આવ્યા છે. જેમાં ૩ મુખ્ય આરોપ પદ પર રહીને પક્ષપાતી અને ભેદભાવપૂર્ણ વર્તન, ચુંટણીમાં થયેલી છેતરપીંડીની તપાસમાં જાણીજોઈને અવરોધ ઉભો કરવો અને મોટાપાયે મતદારોને મતાધિકારથી વંચિત રાખવા, આ સિવાય વિપક્ષી પક્ષોએ અનેક વખત મુખ્ય ચુંટણી કમિશ્નર પર સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટીની મદદ કરવાનો આરોપ મુકયો છે,

ખાસ કરીને મતદાર યાદીની વિશેષ ચર્ચા એસઆઈઆર પ્રક્રિયા અંગે છે. તેમનો આરોપ છે કે આ પ્રક્રિયા કેન્દ્રની સત્તાવાર પાર્ટીને ફાયદો પહોચાડવા માટે કરવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયા અંગે ખાસ ચિંતા વ્યકત કરવામાં આવી છે. મુખ્યમંત્રી અને તૃણુમુલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જીએ ચુંટણી પંચ પર વાસ્તવિક મતદારોના નામ કાઢી નાખવાનો આરોપ મુકયો છે. મુખ્ય ચુંટણી કમિશ્નરનો હટાવવાની પ્રક્રિયા મહાભિયોગ છે. જે સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના કોઈ જજ ને હટાવવા માટે અપનાવવામાં આવે છે. મહાભિયોગ માત્ર સાબિત થયેલા ખરાબ આચરણ અથવા અયોગ્યતા આધારીત જ લગાડી શકાય છે.

મુખ્ય ચુંટણી કમિશ્નરને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ સંસદના કોઈપણ ગૃહમાં રજુ કરી શકાય છે અને તેને વિશેષ બહુમતીથી પસાર કરવુ જરૂરી છે. જેમાં ગૃહની કુલ સભ્ય સંખ્યા પર આધારીત બહુમતી અને હાજર થતા મતદાન કરનાર સભ્યોમાંથી બે તૃતીયાંશ બહુમતીની જરૂરી છે. મુખ્ય ચુંટણી કમિશ્નર અને ચુંટણી કમિશ્નરોની નિમણુંક સંબંધીત કાયદા અનુસાર મુખ્ય ચુંટણી કમિશ્નરને એ જ રીત અને આધાર પર હટાવી શકાય છે. જેમ સુપ્રિમ કોર્ટના જજ ને હટાવવામાં આવે છે.

## રાજયમાં ગેસ ની અછતને લઈને કોંગ્રેસનુ ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શનઃ અમિત ચાવડા સહિતના નેતાઓ ખભે બાટલા લઈ વિધાનસભા પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યુ છે. જેની ગંભીર અસર દેશના ઉદ્યોગો પર પડી રહી છે. ત્યારે દેશમાં હાલ ગેસ સીલીન્ડર ની અછત સર્જાતા ગુજરાત વિધાનસભામાં આજે શુક્રવારે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ ગેસ નો બાટલો ખભે નાખીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ ગેસના ખાલી સીલીન્ડર, છાણાં અને લાકડા લઈ વિધાનસભામાં પહોચ્યા હતા અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યો ડો. શૈલેષ પરમાર, ડો. તુષાર ચૌધરી સહિત અમિત ચાવડાએ પોતાનુ નિવેદન આપ્યુ હતું. ગેસ ની અછત મુદ્દે સરકારનો વિરોધ કરતા તેમણે જણાવ્યુ હતુ કે



સરકારની આખા દેશમાં ગેસની અછત સર્જાઈ છે.

વધુમાં ચાવડાએ કહ્યુ હતુ કે પહેલા લોકો નોટબંધીમાં લાઈનમાં ઉભા રહ્યા, કોરોનામાં લોકો ભટકયા, હવે ગેસ લેવા માટે લોકો ભટકી રહ્યા છે. આપણા ગુજરાતમાં પણ આ ગેસની તંગીના કારણે આજે સિરામિક ઉદ્યોગો બંધ થઈ ગયા છે. પાવરલુમ્સ જેવા બીજા ઉદ્યોગો પણ બંધ થઈ ગયા છે. ડેરીઓમાં પણ ઉત્પાદન બંધ થઈ ગયુ છે, એવા સંજોગોમાં સરકારે લોકોને મોંઘવારીમાંથી રાહત તો ન આપી, પણ મોંઘા થયેલા ગેસના સીલીન્ડર લેવા માટે ભટકવુ પડે છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે બીજા રાજયોમાં ગેસનો બાટલો ૫૦૦ રૂપીયામાં આપવા જાહેરાતો થાય અને ગુજરાતની ગૃહિણીઓને મોંઘો ગેસનો બાટલો લેવા માટે મજબુર બનાવે છે. ગેસનો બોટલ લેવા પણ લાઈનમાં ઉભુ રહેવુ પડે છે. ત્યારે ગુજરાતની ગૃહિણીઓ અને સામાન્ય જનતાનો એક જ અવાજ છે કે એલપીજી, પીએનજી હોય પેટ્રોલીયમ પ્રોડકટસની આપુરતી કરો, વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે સરકારને ખબર હતી કે આ યુદ્ધની પરીસ્થિતિ છે તેવા સંજોગોમાં અહી અછત ઉદભવશે, ગેસ માટે પેટ્રોલીયમ પ્રોડકટ માટે જે અંધાધુંધી ફેલાવવાની શકયતાઓ છે તેની સામે સરકાર જાગૃત થાય તે માટે અમે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છીએ.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે રાજય અને કેન્દ્રની ભાજપ સરકાર ગેસનો પુરતો પુરવઠો સમયસર ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ ગઈ છે. ગેસની અછતને કારણે સામાન્ય જનતા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. જો સમયસર યોગ્ય પગલા નહી લેવાય તો આવનારા સમયમાં ગેસ માટે અંધાધુંધી જેવી સ્થિતિ સર્જાઈ શકે તેમ છે. ગેસ સીલીન્ડર મેળવવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા રહેવા મજબુર બન્યા છે.

## ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે પડતર પ્રશ્નોને લઈ રાજયભરના દિવ્યાંગોનુ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજય સરકારના બજેટમાં દિવ્યાંગો માટે થયેલી જોગવાઈઓથી અસંતોષ ફેલાયો છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા જાહેર કરાયેલી યોજનાઓ અપુરતી હોવાના આક્ષેપ સાથે રાજયભરમાંથી દિવ્યાંગોએ આજે શુક્રવારે સવારે ગાંધીનગરમાં ધામા નાખ્યા હતા. સત્યાગ્રહ છાવણી ખાતે દિવ્યાંગોએ પ્રદર્શન કરીને



પોતાના પ્રશ્નો સરકાર સુધી પહોચાડવા માટે પ્રયત્ન કર્યો હતો. જેમાં ખાસ કરીને ૮૦ ટકા થી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને પેન્શન મળે છે. જેની સામે ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ લોકોને પેન્શનનો લાભ આપવા માંગણી કરાઈ છે. જેમાં તમામ કેટેગરીમાં સમાન ૫ હજારનુ પેન્શન આપવા માંગ કરાઈ છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦ ટકા પાસીંગ માર્ક ની પધ્ધતિ રદ કરવા, સરકારી ભરતીમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવા, સાયકલ યોજના રદ કરીને રાજસ્થાન સરકારની જેમ સ્કુટી આપવા માટેની દિવ્યાંગોની માંગણી છે. માંગણી નહી સંતોષાય તો આગામી સમય વધુ ઉગ્ર આંદોલનની તૈયારી કરાઈ છે.

## શ્રી ગજાનંદ અને શ્રી સહજાનંદ ઘી ના નામે સુરતીઓને ઝેર પીરસાયુંઃ સુરત માંથી નકલી ઘી નુ ધમધમતુ કારખાનુ પકડાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

હિરાનગરી સુરતમાં ફરી એકવાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી ગેંગ પકડાઈ છે. સુરત શહેરના ઉમરા વેલંજા વિસ્તારમાં આવેલા અવસર પ્લાઝામાં ધમધમતા નકલી ઘી ના ઉત્પાદન એકમ પર પોલીસે ત્રાટકીને મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઉત્રાણ પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં જાણવા મળ્યુ છે કે છેલ્લા દોઢ વરસથી આ કારખાનામાં સોયાબીન તેલ અને ડાલડા ઘી માં કેમીકલ ભેળવીને શુધ્ધ ગાયનુ ઘી કહીને બજારમાં વેચવામાં આવતુ હતુ, આરોપીની ધરપકડ બાદ ઘી બનાવવાની અત્યંત આઘાતજનક પધ્ધતિ બહાર આવી છે. આ ટોળકી પહેલા સોયાબીન તેલ અને ડાલડા ઘી ને ગરમ કરતી હતી ત્યારબાદ તેમાં અસલી ઘી જેવી સુગંધ લાવવા માટે રાસાયણીક એસેન્સ અને ગાયના ઘી જેવો પીળો રંગ આપવા માટે કૃત્રિમ કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ભેળસેળીયા મિશ્રણને શ્રી સહજાનંદ અને શ્રી ગજાનંદ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડના નામે પેકીંગ કરીને લોકોના રસોડા સુધી પહોચાડવામાં આવતુ હતું. પોલીસે દરોડા દરમિયાન કુલ ૪,૯૪,૯૪૦ લાખ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં ૫૮૩ લીટર તૈયાર નકલી ઘી (જેની કિંમત રૂપીયા ૩.૫૦ લાખ થી વધુ છે ) ૨૨૦૦ જેટલા ખાલી અને ભરેલા ડબ્બા, સીલીંગ મશીન, વજન કાંટો અને મોટી માત્રામાં સોયાબીન તેલનો જથ્થો મળી આવ્યો હતો.






પોલીસે દુકાન નંબર ૧૦૬ અને ૧૦૮ ને સીલ મારીને તપાસ નો ધમધમાટ શરૂ કર્યો છે. આ કૌભાંડમાં મુખ્ય બે શખ્સો સામેલ હતા. પોલીસે નિહાર ભરતભાઈ મોવલીયાની ધરપકડ કરી છે. જે માર્કેટમાં સપ્લાય અને સેલીંગનુ કામ કરતો હતો. જયારે મેન્યુફેકચરીંગ સંભાળતો પીયુષ વિઠ્ઠલભાઈ સાંગાણી હાલ ફરાર છે. જેને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘી ના નમુના લઈ એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં પરીક્ષણ માટે મોકલ્યા છે. તંત્ર દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે બજારમાં થી ખુબ જ સત્તા ભાવે મળતુ ઘી ખરીદતા પહેલા સાવચેતી રાખવી, ઘી ખરીદતી વખતે તેના પેકીંગ અને યોગ્ય બીલ નો આગ્રહ રાખવો અનિવાર્ય છે. કારણ કે આવી ભેળસેળ સ્વાસ્થ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

### અમદાવાદ પોલીસનુ મિશન ફીટ ખાખી

# હવે ફાંદવાળા પોલીસ કર્મીઓએ મેદાનમાં પરસેવો પાડવો પડશેઃ ૩ મહિના સુધી બહારના જમણ પર નો એન્ટ્રી

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ પોલીસના જવાનો હવે માત્ર ગુન્હેગારો પાછળ જ નહી પણ પોતાની ફીટનેસ પાછળ પણ દોડશે, શહેર પોલીસ કમિશ્નર જીએસ મલીકે પોલીસ કર્મીઓના સારા સ્વાસ્થ્ય માટે મિશન ફીટ ખાખી અભિયાનનો પ્રારંભ કર્યો છે.

આ મિશન હેઠળ મોટુ પેટ અથવા વધુ વજન ધરાવતા ૧૦૦ પોલીસ કર્મીઓને પસંદ કરીને તેમને ૩ મહિનાના સઘન ફીટનેસ પ્રોગ્રામમાં સામેલ કરવામાં આવ્યા છે. પસંદ કરાયેલા ૧૦૦ પોલીસ કર્મીઓએ હવે દર સોમવારે સવારે શાહીબાગ પોલીસ હેડ કવાર્ટરના પરેડ ગ્રાઉન્ડમાં હાજર રહેવુ પડશે. જેમાં નિષ્ણાંત ટ્રેનર્સ દ્વારા તેમને પરેડ, કસરત અને યોગ શીખવાડવામાં આવશે. શારીરિક કસરતની સાથે માનસિક શાંતિ માટે મેડીટેશન (ધ્યાન) પણ આ કોર્સનો મહત્વનો ભાગ રહેશે. આ ૩ મહિના દરમિયાન પોલીસ કર્મીઓ માટે તીખુ, તળેલુ અને બહારનુ જંક ફુડ ખાવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમને માત્ર ઘરનુ ટીફીન અને ફ્રુટ જયુસ લેવાની સુચના આપવામાં આવી છે.

આ મિશનની પ્રેરણા આપતા પોલીસ કમિશ્નર જી એસ મલીકે જણાવ્યુ હતુ કે મે પોતે બે અઠવાડીયાનો આ ફીટનેસ કોર્સ કર્યો હતો જેના પરીણામે મારૂ વજન ૧૨ થી ૧૪ કિલો ઘટયુ છે. મારા અંગત અનુભવ બાદ મે આ કોર્સ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ માટે ફરજીયાત બનાવવાનુ નકકી કર્યુ છે. આ મિશનની દેખરેખ ની જવાબદારી ઝોન ૫ ના ડીસીપી ડો. જીતેન્દ્ર અગ્રવાલને સોંપવામાં આવી છે. સહભાગી પોલીસ કર્મીઓની પ્રગતિ પર નજર રાખવા માટે એક વોટસએપ ગૃપ પણ બનાવવામાં આવ્યુ છે. આ ગૃપમાં પોલીસ કર્મીઓ પોતાની દૈનિક પ્રવૃત્તિઓ અને મુશ્કેલીઓ શેર કરી શકશે. જેનુ નિષ્ણાંતોની ટીમ દ્વારા ત્વરીત નિરાકરણ કરવામાં આવશે.

એક ચિંતાજનક આંકડો બહાર આવ્યો છે કે અમદાવાદ શહેરમાં ૫૪૩ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ અત્યંત મેદસ્વી છે જયારે ૨૯૯૯ કર્મચારીઓ ઓવરવેઈટ (વધારે વજન) ધરાવે છે. ૨૦૨૧ ના એક અભ્યાસ મુજબ ૪૫ ટકા પોલીસકર્મીઓ તમાકુના વ્યસની છે જેમાંથી ઘણા હાઈબ્લડ પ્રેશર અને ડાયાબીટીસ જેવી બિમારીઓથી પીડાઈ રહ્યા છે. પોલીસ વિભાગે કર્મચારીઓના બોડી માસ ઈન્ડેક્ષ આધારે તેમને અલગ તારવ્યા છે. જેમાં ૧૮.૦૫ થી ઓછુ વજનવાળા લોકોને ઓછુ વજન ગણાવ્યા છે. જયારે ૧૮.૦૫ થી ૨૪.૦૯ વજન ધરાવતા લોકોને આદર્શ વજન ગણાવ્યા છે. જયારે ૨૫ થી ૨૯.૦૯ વજન ધરાવતા લોકોને વધારે વજન ગણાવ્યુ છે. જયારે ૩૦ કિલોથી વધુ વજન ધરાવતા પોલીસ કર્મીઓને મદસ્વિતા તરીકે ગણાવ્યા છે.

પોલીસની કામગીરી તણાવભરી હોય છે. જેમાં ખાવા પીવાના અને ઉંઘવાના સમય નિશ્ચિત હોતા નથી. આવા સંજોગોમાં મિશન ફીટ ખાખી એ માત્ર પોલીસ કર્મીઓની ક્ષમતા જ નહી પરંતુ તેમની આયુ મર્યાદા અને કાર્યક્ષમતા વધારવામાં પણ સીમા ચિન્હ રૂપ સાબિત થશે.

### ગેસ મુદ્દે સરકાર સામે સવાલ ઉઠાવનાર AAP કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત

# દેશમાં ચાલી રહેલા ગેસના સંકટ મુદ્દે અમદાવાદ ખાતે AAPનું વિરોધ પ્રદર્શન

અમદાવાદ/ગુજરાત

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આજે આખા ભારત દેશ પર એલપીજી ગેસનું સંકટ વધુ ભયાનક સ્વરૂપ લઈ રહ્યું છે. આજે મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો બંધ થઈ ગયા છે જેના કારણે કરોડોની સંખ્યામાં લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે, લોકોની રોજગારી છીનવાઈ રહી છે. આવા સમયમાં દેખાઈ રહ્યું છે કે સરકાર આગોતરૂ આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે, જેના કારણે આજે આખા દેશમાં ગેસ સિલિન્ડરની કાળા બજારી થઈ રહી છે. આ સમગ્ર મામલાને લઈને આજે આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર સંગઠન દ્વારા પ્રદેશ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.



આ વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને પ્રદર્શનને કચળી નાખવાની કોશિશ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ રીતે ગેસ વિતરણની પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ જો ક્યાંય પણ ગેસના પુરવઠાની કાળાબજારી થતી હોય તો તેને તાત્કાલિક પકડી લેવામાં આવે અને ગેરરીતિ કરનારા ઉપર કાર્યવાહી કરવામાં આવે. ઠેર ઠેર આજે દેશમાં ગેસ સિલિન્ડરના ભાવ ડબલથી પણ વધી ગયા છે જેને પણ કંટ્રોલ કરવામાં આવે એવી આમ આદમી પાર્ટીની માંગ છે.

કોરોનામાં લાગવગ ધરાવતા લોકોને બેડ, ઓક્સિજન અને ઈન્જેક્શન મળી જતા હતા, સામાન્ય લોકો પીડાતા હતા. નોટબંધીમાં લાગવગ ધરાવતા લોકોની ગમે તેટલી નોટો લાઈનમાં ઉભા રહ્યા વિના જ ઝડપથી બદલાઈ જતી હતી, સામાન્ય લોકો પીડાતા હતા. આવી પરિસ્થિતિ આ વખતે ઉભી ન થાય એની પુરતી કાળજી લેવામાં આવે.

# "એક ધારાસભ્ય ઐસા ભી"....દેવીપૂજક સમાજના આગેવાનોને વિધાનસભાના દ્વારે લઈ જતા ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/ જૂનાગઢ

હાલ ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિસાવદર મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા સામાન્ય જનતાને લોકશાહીના પવિત્ર મંદિરમાં પહોંચાડવાની અનોખી પહેલ કરવામાં આવી રહી છે. આ જ અનુસંધાને આજે વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામોના દેવીપૂજક સમાજના આગેવાનોને ગાંધીનગર આમંત્રિત કરી તેમને વિધાનસભા ગૃહની કાર્યવાહી નજીકથી જોવા અને લોકશાહી પ્રક્રિયાને સમજવાનો અવસર આપવામાં આવ્યો હતો. ગામડાના છેવાડાના વર્ગના લોકોને વિધાનસભા સુધી પહોંચાડવાની આ પહેલને વિશેષ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના જણાવ્યા મુજબ કદાચ પહેલી વાર દેવીપૂજક સમાજના આટલા મોટા પ્રમાણમાં લોકો ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવ્યા છે. મને જણાવતા અત્યંત ખુશી થાય છે કે, મારા વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામડાઓના દેવીપૂજક સમાજના આગેવાનોને આજે ગાંધીનગર આમંત્રિત કરીને વિધાનસભા ગૃહની કાર્યવાહી બતાવવાનો અવસર મને મળ્યો. દેશની આઝાદી પછી પહેલી વખત કદાચ ગામડે ગામડેથી આખી બસ ભરીને મોટી સંખ્યામાં દેવીપૂજક સમાજના આગેવાનોને ગુજરાતની વિધાનસભા બતાવવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે ખૂબ ઐતિહાસિક દિવસ છે. દેવીપૂજક સમાજના આગેવાનોને મોટી સંખ્યામાં ગુજરાત વિધાનસભાની મુલાકાત માટે લાવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દેવીપૂજક સમાજના લોકો ગામડાઓમાંથી આવી વિધાનસભાની કાર્યવાહી નજીકથી જોઈ શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે ઘણા લોકો માટે આ પ્રથમ વખત છે કે તેઓ ગુજરાતની વિધાનસભા જોવા આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે વિસાવદરના ખેડૂત, શ્રમિક અને સામાન્ય લોકોના આશીર્વાદથી તેમને છેવાડાના માણસને પણ લોકશાહીના આ મંદિરમાં લાવવાનો અવસર મળ્યો છે, જે તેમના માટે ગર્વ અને ખુશીની બાબત છે.તેમણે કહ્યું હતું કે લોકશાહી વ્યવસ્થામાં દરેક સામાન્ય માણસનો હક છે કે તે રાજ્યની વિધાનસભાની કામગીરીને નજીકથી જોઈ અને સમજી શકે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં પણ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પોતાના મતવિસ્તારના ખેડૂતો અને મહિલાઓને વિધાનસભાની મુલાકાત કરાવી ચૂક્યા છે. તેમની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગામડાના સામાન્ય માણસને લોકશાહી પ્રક્રિયા સાથે જોડવાનો અને તેમને રાજ્યની વિધાનસભાની કામગીરી વિશે જાગૃત કરવાનો છે. વિસાવદર મતવિસ્તારના વિવિધ ગામડાઓમાંથી મોટી સંખ્યામાં આવેલા દેવીપૂજક સમાજના આગેવાનોએ વિધાનસભાની મુલાકાત લઈને આનંદ અને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

# ગુજરાતમાંથી છેલ્લા બે વરસમાં ૨.૧૩ લાખ કિલોથી વધુનો અખાદ્ય જથ્થો જપ્ત કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત વિધાનસભાનુ બજેટસત્ર ચાલી રહ્યુ છે. બજેટસત્રમાં આજે શુક્રવારે જિલ્લામાં ખાદ્ય પદાર્થોના વેચાણ અને ગુણવત્તા અંગેની ફરીયાદ વારંવાર ઉઠે છે. જે અંતર્ગત રાજયમાં દુધ, ઘી, પનીર અને માવા સહિતની ખાદ્ય સામગ્રી માં ફરીયાદ બાદ તપાસ થાય છે .જે અંગે કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ખાદ્ય સામગ્રીમાં થતા ભેળસેળ અંગે સવાલ ઉઠાવ્યો હતો. જેમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ રાજયના વિવિધ જિલ્લામાં એટલે કે કુલ ૨૮ જિલ્લામાં ખાદ્ય પદાર્થોની શુધ્ધતા અંગે સવાલો ઉઠાવ્યા હતા. જે અંગેના જવાબ આપતા વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ખાદ્ય પદાર્થોની શુધ્ધતાને લઈને લેવાયેલા પગલાની માહિતી આપી હતી. જે અંગે જણાવ્યુ હતુ કે ગુજરાતની સરકારી લેબોરેટરી દ્વારા રાજયના ૨૮ જિલ્લાઓમાંથી ખાદ્ય સામગ્રીના નમુના લેવામાં આવ્યા હતા, જેમાંથી સમગ્ર રાજયમાંથી કુલ ૨૨૪૧૬ જેટલા વિભિન્ન ખાદ્ય સામગ્રીના નમુના લેવાયા હતા. જેમાંથી તપાસના અંતે ૧૧૯૭ નમુના બિન પ્રમાણિત એટલે કે ખાવા લાયક ન હોવાનુ માલુમ પડયુ છે. જયારે ૧૮૨૧૦ નમુનાઓ પ્રમાણિત જાહેર થયા છે. તેમાંથી હજુ ૩૦૦૯ જેટલી ખાદ્ય સામગ્રીના લેવામાં આવેલા નમુનાઓની તપાસ પ્રક્રિયા હેઠળ છે, જો કે જે નમુના લેવામાં આવ્યા તે અંગે આંકડા ચોંકાવનારા બહાર આવ્યા છે.

જે મુજબ છેલ્લા બે વરસમાં આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરતા દુધ, ઘી, પનીર અને માવા સહિતની અન્ય ખાદ્ય સામગ્રીનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. રાજયભરમાંથી કુલ ૨,૧૩,૮૯૭.૬૩૧ કિલો જેટલો અખાદ્ય જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. એટલુ જ નહી પરંતુ વેપારીઓ પાસેથી કરોડો નો દંડ વસુલાયો છે. જેમ કે લોકોના આરોગ્યને જોખમમાં મુકીને અપ્રમાણિત અને હલકી ગુણવત્તાની પ્રોડકટ વેચનારાઓ સામે સરકારે કડક દંડનીય કાર્યવાહી કરી છે. બિનપ્રમાણિત પ્રોડકટ વેચનારાઓ પાસેથી અત્યાર સુધીમાં કુલ ૨,૩૭,૬૦,૪૪૬ રૂપીયાનો દંડ પણ વસુલવામાં આવ્યો છે. આમ આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ આંકડાઓ બજારમાં મળતી ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા સામે મોટા સવાલ ઉભા કર્યા છે.

